વર્લ્ડ બેંકની ગ્રાન્ટનો 'ઘોર દુરુપયોગ' | તંત્રની ગંભીર બેદરકારી સામે જનતામાં ઉગ્ર આક્રોશ

લુણાવાડામાં તૂટેલા રસ્તે સમારકામ વિના જ રોડ માર્કિંગના પટ્ટા મારી દીધાં

લુણેશ્વર ચોકડીથી વરધરી જતો અને કલેક્ટર-કોર્ટ- એસપી કચેરીને જોડતો મુખ્ય માર્ગ અત્યંત બિસ્માર



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૬

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોની ઘોર બેદરકારી તથા ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા સમો કિસ્સો સામે આવ્યો છે. વિશ્વ બેંકની ગ્રાન્ટમાંથી બનેલો લુણાવાડા-અમદાવાદ મુખ્ય માર્ગ હાલ અનેક જગ્યાએથી તૂટીને અત્યંત દયનીય હાલતમાં ફેરવાઈ ગયો છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ તૂટેલા માર્ગનું યોગ્ય સમારકામ કે રીપેરિંગ કરવાને બદલે જવાબદાર તંત્ર દ્વારા તેના પર સફેદ અને પીળા પટ્ટા (રોડ માર્કિંગ) મારીને રસ્તાને 'ચકચકિત' બતાવવાનો હાસ્યાસ્પદ દેખાડો કરવામાં આવ્યો છે, જેને લઈને સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

જેમ સામાન્ય નાગરિકો દિવાળીના તહેવાર પર પોતાના ઘરનું યોગ્ય સમારકામ કે રીપેરિંગ કર્યા પછી જ કલર-કામ કરાવતા હોય છે, તેમ આ માર્ગ પર તૂટેલા રસ્તાનું સમારકામ કર્યા વગર જ તેના પર સોશિયલ મીડિયા કે કાગળ પર કામ બતાવવા પટ્ટા મારી દેવાયા છે. સ્થાનિકોમાં ચર્ચાતી વિગતો મુજબ, રોડ તૂટેલો હોવા છતાં રીપેરિંગ કર્યા વગર માત્ર પટ્ટા મારીને કામ પૂરું બતાવી બિલ પાસ કરાવી લેવાનો આ ખુલ્લો ભ્રષ્ટાચારનો ખેલ ખેલાઈ રહ્યો છે. ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને જવાબદાર અધિકારીઓની આવી મિલીભગત સામે આકરા પગલાં કેમ લેવામાં આવતા નથી તેવા તીખા સવાલો ઉઠી રહ્યા છે.

ઉચ્ચ અધિકારીઓની ઓફિસોના નાક નીચે જ તંત્રનું આંધળાપાણું!

લુણાવાડાથી અમદાવાદ જતો મુખ્ય સ્ટેટ હાઇવે/રૂટ હોવાથી સમગ્ર જિલ્લા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ જ રોડ પર કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પોલીસ વડાની કચેરી આવેલી છે. દરરોજ ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય પદાધિકારીઓ આ જ માર્ગ પરથી પસાર થાય છે, છતાં પણ આ તૂટેલો રસ્તો અને તેના પર મારેલા 'દેખાડાના પટ્ટા' કોઈને નજરે પડતા નથી તે અત્યંત ખેદજનક બાબત છે.

આણંદ બીએપીએસ મંદિર રોશનીના ઝગમગાટથી ઝળહળ્યું



આણંદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને દિવાળી ઉત્સવ નિમિત્તે 'જ્યોતિ ઉદ્યાન' (ગ્લો ગાર્ડન) ની વિશેષ થીમ આધારિત રોશનીથી આકર્ષક રીતે શણગારવામાં આવ્યું છે. આ મંદિર પરિસરમાં એલઇડી લાઇટોથી સજ્જ જ્યોતિમય રંગબેરંગી ફૂલોની સેરો, કળશ, શ્રીફળ અને સાથિયા જેવાં દિવ્ય માંગલિક પ્રતીકોની રોશનીથી મંદિરના અંગ-ઉપાંગ ઝળહળી ઊઠ્યા છે. કોઈપણ પ્રોફેશનલ વિના ૧૬૦ જેટલા સમર્પિત યુવક-યુવતીઓએ ૨૫ હજારથી વધુ માનવકલાકોના સેવાયજ્ઞથી લોખંડના માળખાં, કાપડ અને એલઇડી લાઇટિંગ વડે આ મનોહર રોશની તૈયાર કરી છે.

વિદ્યાનગરની અરૂણોદય સોસાયટીમાં આગ લાગતા અફડા તફડી



વિદ્યાનગરમાં ૨૨ ગામ સ્કૂલ પાસે આવેલી અરૂણોદય સોસાયટીમાં ઝાડ-પાન તથા વેસ્ટેજમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. આ બનાવ અંગે કરમસદ-આણંદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસના કંટ્રોલરૂમમાં કોલ મળતા જ ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી વિદ્યાનગર ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. ફાયર ટીમની ઝડપી કામગીરીથી આગ પર કાબૂ મેળવાયો હતો અને ઘટના દરમિયાન કોઈ જાનહાનિ થઈ નથી.

ચરોતરમાં ધનતેરસના પવિત્ર પર્વે સોના-ચાંદીની ધૂમ ખરીદી રહી

ઝવેરી બજારોમાં ભારે ચહલપહલ છવાઈ, શોરૂમોમાં શુભ મુહૂર્તમાં ખરીદીનો ધસારો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

આણંદ - નડિયાદ શહેરમાં દિવાળી પર્વના પ્રારંભ સાથે ધનતેરસના પવિત્ર દિવસે સોના અને ચાંદીના દાગીના તેમજ સિક્કાઓની મોટા પાયે ખરીદી જોવા મળી હતી. સવારથી જ શહેરના મુખ્ય બજારો અને ઝવેરી બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

ચરોતરમાં ધનતેરસના દિવસે સોનું-ચાંદી ખરીદવું શુભ માનવામાં આવતું હોવાથી આભૂષણોની શુકનવંતી ખરીદી કરી સુખ-સમૃદ્ધિની કામના કરી હતી. આણંદ - નડિયાદ શહેરના સોની બજાર તેમજ વિવિધ જ્વેલર્સના શોરૂમ્સમાં વેપારીઓ દ્વારા ખાસ સજાવટ અને નવી ડિઝાઇનના ઘરેણાં રજૂ કરવામાં આવ્યા હતા. પંચાંગ મુજબ બપોરે ૧૨ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધીના શુભ ચોઘડિયામાં ખરીદી માટે શોરૂમ્સમાં ભારે ધસારો રહ્યો હતો. આ ખરીદીમાં આણંદ - નડિયાદ શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ખરીદી બાદ સાંજના સમયે ઘરો અને વ્યાપારી પેઢીઓમાં ભગવાન ધનવંતરી તથા માતા લક્ષ્મીની ભક્તિભાવ પૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવી હતી. રાત્રિના સમયે રંગોળી અને દીવડાઓની રોશની સાથે લોકો મંદિરોમાં દર્શનાર્થે જતા સમગ્ર શહેરમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો.



આણંદના વિદ્યાનગર રોડ પર સ્થિત પ્રમુખપૂજન જ્વેલ્સના માલિક હરિકૃષ્ણભાઈ સોનીએ જણાવ્યું કે, ધનતેરસના પાવન અવસરે સુવર્ણ અને ચાંદીની ખરીદીની પરંપરાને જાળવી રાખતાં ગ્રાહકોએ ઉત્સાહપૂર્વક સોના-ચાંદીના આભૂષણોની ખૂબ ઉત્સાહપૂર્વક ખરીદી કરી હતી, જ્યારે ઘણા પરિવારો દ્વારા આવનારા લગ્ન-ગાળા ને ધ્યાનમાં રાખીને જ્વેલરીની ખરીદીનો પણ પ્રારંભ કર્યો હતો.

આણંદમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી ઉજવાશે

કરમસદ સ્થિત સરદાર પટેલ મેમોરિયલ ખાતે ૧૫મી રોજ 'જનજાતીય ગૌરવ દિવસ' ઉજવાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૬

દેશના મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની અને જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આણંદ જિલ્લાના કરમસદ સ્થિત સરદાર પટેલ મેમોરિયલ ખાતે ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. આ જિલ્લા સ્તરીય કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે આણંદ કલેક્ટર કચેરીના સભાખંડમાં અધિક કલેક્ટર રાહુલ ગમારાની અધ્યક્ષતામાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કરમસદ સ્થિત સરદાર પટેલ મેમોરિયલ હોલ ખાતે યોજાનાર ઉજવણી કાર્યક્રમને ધ્યાને લઈ અધિક કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને વિવિધ કામગીરી અંગે જરૂરી સૂચનો આપ્યા હતા. આ કાર્યક્રમ સ્થળે સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓ સુચારૂ રીતે જળવાઈ રહે તે માટે જરૂરી કાર્યવાહી કરવા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક જે. એન. પંચાલ સહિત તથા આદિજાતિ કચેરી અમદાવાદના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદના સાક્ષમ દિવ્યાંગ થેરાપી સેન્ટર ખાતે બાળકો સાથે દિવાળીની આનંદમય ઉજવણી કરી

નડિયાદ | નડિયાદ ખાતે કાર્યરત સાક્ષમ દિવ્યાંગ થેરાપી સેન્ટર દ્વારા દિવાળીના પાવન પર્વ નિમિત્તે બાળકો માટે ખાસ દિવાળી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં આશરે ૧૩થી ૧૪ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને રંગોળી બનાવી હતી તથા તારામંડળ અને ચકડી જેવા ફટાકડા ફોડીને આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન બાળકોને સાથે મળીને નાસ્તો કરાવવામાં આવ્યો હતો અને બાળકોએ હાસ્ય તથા ઉલ્લાસ સાથે ખુશીની પળો વહેંચી હતી. બાળકોમાં આત્મવિશ્વાસ અને સામાજિક સહભાગિતા વધારવાના ઉદ્દેશ્ય સાથે કાર્યક્રમ યોજાયો હતો.



પેટલાદની આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

પેટલાદ | પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના કેમિસ્ટ્રી વિભાગમાં ૨૯ વર્ષથી વધુ સમય સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર સ્ટોરકીપર કૌશિકકુમાર ચીમનલાલ શાહની વયનિવૃત્તિ પ્રસંગે ગરિમાપૂર્ણ વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આચાર્ય ડો. વિમલભાઈ જોશી, અધ્યક્ષ સ્થાનેથી ટ્રસ્ટી ડો. મહેશચંદ્ર યાજ્ઞિક તેમજ અતિથિ વિશેષ જયેશભાઈ શાહે કૌશિકભાઈની સંસ્થા પ્રત્યેની વફાદારી અને ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. ગીરીશ ચૌધરી તથા ડો. શાલિની ચતુર્વેદીએ કર્યું હતું.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ખંભોળજમાં વિદેશ સ્થિત યુવાનો - દાતાઓના સહયોગથી વૃદ્ધો માટે ટિફિન સેવા શરૂ

આણંદ | ખંભોળજ પાટીદાર સમાજ અન્નપૂર્ણા સેવા કેન્દ્ર દ્વારા ગામના વયોવૃદ્ધો માટે ઘેરબેઠા ટિફિન સેવા શરૂ કરવામાં આવી છે. ગામના દાતાઓ અને વિદેશ વસતા યુવાનોના સહયોગથી શરૂ કરાયેલા આ કેન્દ્રનો હાલ ૭૦ જેટલા વૃદ્ધો લાભ મેળવી રહ્યા છે. વિદેશ સ્થિત યુવાવર્ગ પોતાની કમાણીમાંથી વડીલોની યથાશક્તિ સેવા કરીને વતન પ્રેમ અને માતૃઋણ અદા કરી રહ્યો છે. આ સેવા કેન્દ્ર દ્વારા ભવિષ્યમાં પણ અન્ય વિવિધ ક્ષેત્રોમાં સામાજિક સેવાકાર્યો વિસ્તૃત કરવાનું સુંદર આયોજન છે.



આણંદના ગોપાલપુરા અને હાડગુડ ગામે સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ ટાઉન પોલીસ, વાસદ પોલીસ અને ઇન્ડિયન ઓવરસીઝ બેંકના સંયુક્ત ઉપક્રમે ગોપાલપુરા અને હાડગુડ ગામે મહિલા સશક્તિકરણ અને સાયબર સુરક્ષા અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઓનલાઇન છેતરપિંડીથી બચવા તેમજ ક્યારેય OTP કે ગોપનીય માહિતી શેર ન કરવા અંગે ગ્રામજનોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાયબર કટોકટી માટે હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અને મહિલા સુરક્ષા તથા મદદ માટે 'અભયમ' હેલ્પલાઇન નંબર ૧૮૧ ની ઉપયોગિતા વિશે માર્ગદર્શન પૂરું પડાયું હતું.



કપડવંજમાં દિવ્યાંગ બાળકો માટે મીઠાઈ-ફરસાણ વિતરણ અને દિવાળી ઉજવણી યોજાઈ



કપડવંજ | શહેરના વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે સેવાભાવી મિત્ર ગ્રૂપના સહયોગથી દિવ્યાંગ બાળકો માટે મીઠાઈ તથા ફરસાણ વિતરણનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. વાદ બકરી ફાઉન્ડેશનના સીઆરએસ પ્રોજેક્ટ અને સ્થાનિક સેવાભાવી દાતાશ્રીઓના સહયોગથી તાલુકાના વિવિધ કેન્દ્રોના દિવ્યાંગ બાળકોને મીઠાઈ-ફરસાણનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સેન્ટરના દિવ્યાંગ બાળકોએ ઉત્સાહભેર રંગોળી પૂરી તથા ફટાકડા ફોડીને દિવાળીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. સંસ્થા દ્વારા બાળકો અને વાલીઓને તહેવારની શુભેચ્છાઓ પાઠવી ઉમદા કાર્યમાં સહયોગ આપનાર તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરાયો હતો.

કપડવંજની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિ સભાની વરણી સંપન્ન

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજમાં આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી પ્રતિનિધિ સભાની વરણી યોજાઈ હતી. આ વરણી પ્રક્રિયામાં ચાર વિવિધ પદો પર સર્વસંમતિથી નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે મહિલા પ્રતિનિધિના પદ માટે ચૂંટણી યોજાઈ હતી. વરણીમાં જીએસ તરીકે અંકિતા રાઠોડ, ગેમ સેક્રેટરી પંકજ સોઢા, ફાઇન આર્ટસ સેક્રેટરી ક્રિશા પંચાલ, ડિબેટીંગ સેક્રેટરી ફરીદા રંગવાલા અને મહિલા પ્રતિનિધિ તરીકે ફિઝા શેખ વિજેતા બન્યા હતા. એસ.આર.સી. ઈન્ચાર્જ પ્રો. જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ અને સમગ્ર સ્ટાફે વિજેતા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.



કપડવંજમાં સરદાર પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

કપડવંજ | વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ખેડા જિલ્લા યુવા સંગઠન દ્વારા કપડવંજ ખાતે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની 151મી જન્મજયંતી નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કપડવંજમાં એક વિશેષ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર સાહેબના જન્મ દિવસ નિમિત્તે યોજાયેલ આ કેમ્પમાં સમાજના સરદાર પ્રેમીઓએ ઉપસ્થિત રહીને બ્લડ ડોનેટ કર્યું હતું. આ દરમિયાન સમાજના આગેવાનશ્રીઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરવામાં આવી હતી.



વલ્લભ વિદ્યાનગરમાં સંઘનો ૧૦૦મો માસિક બૌદ્ધિક વર્ગ યોજવામાં આવ્યો



આણંદ | રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વલ્લભ વિદ્યાનગરના શાપુરજી હોલ ખાતે શતાબ્દી વર્ષ નિમિત્તે ઐતિહાસિક ૧૦૦મો નગર માસિક બૌદ્ધિક વર્ગ યોજાયો હતો. આ પ્રસંગે 'સાધના' સાપ્તાહિકના તંત્રી ભાનુભાઈ ચૌહાણે 'સાવધાન! વિખંડનકારી વોકેઈઝમથી' વિષય પર ઉપસ્થિત નાગરિકો સમક્ષ ગહન ચિંતન પૂરું પાડ્યું હતું. તેમણે ઉમેર્યું કે વોકેઈઝમ જેવી પશ્ચિમી વિચારધારાઓ સમાજની આધારશિલા સમાન પરિવાર વ્યવસ્થા અને પરંપરાઓ પર વિદ્રોહ ઊભો કરી સામાજિક તાણાવાણાને છિન્નભિન્ન કરી રહી છે. આ વૈચારિક સંકટો અને આક્રમણ સામે ભારતીય સંસ્કારો, પરિવારમાં સંસ્કાર સિંચન અને સનાતન દર્શન જ સક્ષમ વિકલ્પ હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ચારુસેટમાં એઆઈયુ વેસ્ટ ઝોન મહિલા બેડમિન્ટન ટુર્નામેન્ટમાં રાજસ્થાન યુનિવર્સિટી ચેમ્પિયન



આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના દિનશા પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે એઆઈયુ વેસ્ટ ઝોન ઇન્ટર-યુનિવર્સિટી મહિલા બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાઈ હતી. ટુર્નામેન્ટમાં ૫ રાજ્યોની ૧૧૫થી વધુ યુનિવર્સિટીઓમાંથી ૫૦૦થી વધુ મહિલા ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. ટુર્નામેન્ટમાં રાજસ્થાન યુનિવર્સિટી (જયપુર) પ્રથમ, સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટી (મુંબઈ) દ્વિતીય અને સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી તૃતીય સ્થાને રહી હતી. ઉપસ્થિત યુનિવર્સિટીના હોદ્દેદારો અને મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

નડિયાદમાં સ્ત્રી અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનોએ જાતે તોરણો બનાવ્યાં

નડિયાદ | દિવાળીના પર્વ નિમિત્તે સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે તાલીમાર્થી બહેનો દ્વારા વિશેષ હસ્તકલા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ આસોપાલવ સહિતની વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને સુંદર તોરણો તેમજ ઘરની સજાવટ માટેની હસ્તકલાની વસ્તુઓ પોતાના હાથે તૈયાર કરી હતી. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ તાલીમાર્થી બહેનોમાં સર્જનાત્મકતા, સ્વાવલંબન અને 'વોકલ ફોર લોકલ'ના સંદેશને જીવનમાં ઉતારવાનો હતો. સંસ્થાના આચાર્યા ડો. પ્રીતિબેન રાઠોડે સ્વદેશી ચીજવસ્તુઓ તથા હસ્તકલાના મહત્ત્વ પર ભાર મૂકી જીવનમાં સકારાત્મકતાનો પ્રકાશ ફેલાવવાનો સંદેશ આપ્યો હતો.



આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા અર્બન ગ્રીન મિશન હેઠળ માળી તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન શેઠ ડી. એમ. પોલિટેક્નિક ઇન હોર્ટિકલ્ચર, વડોદરા અને રાજ્યના બાગાયત ખાતાના સંયુક્ત ઉપક્રમે માળી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં ડો. વી. કે. પટેલે છોડ સંવર્ધન, નર્સરી વ્યવસ્થાપન તથા કિચન અને ટેરેસ ગાર્ડનિંગ અંગે પ્રત્યક્ષ નિદર્શન સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડો. આર. જે. મકવાણાએ ઇન્ડોર-આઉટડોર ગાર્ડનિંગ, બોન્સાઇ પદ્ધતિઓ અને પુષ્પસજાવટ વિશે સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક માહિતી આપી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ માળીઓના કૌશલ્યવર્ધન દ્વારા શહેરી વિસ્તારોમાં હરિયાળી વધારવા અને ટકાઉ બાગાયતને પ્રોત્સાહન આપવાનો હતો.

